# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 16-08-2025** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

1. લાંબા વિરામ બાદ રાજ્યના 142 તાલુકાઓમાં વરસાદ,, વરસાદને કારણે ખેડૂતોમાં આનંદ
2. આગામી સાત દિવસ દરમિયાન રાજ્યમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી
3. જન્માષ્ટમી નિમિત્તે ઉમટી પડેલા કૃષ્ણભક્તોના જય રણછોડ માખણ ચોરના નાદથી ગુંજી રહ્યાં છે મંદિરો
4. ગાંધીનગર સ્થિત આઇઆઇટી દ્વારા કરાયેલા સંશોધનમાં સુરતમાં કેટલાક સ્થળોએ પૂરનું જોખમ ઘટ્યું હોવાનું તારણ
5. વિદ્યાર્થીઓને શારીરિક તાલીમ અને સરહદી વિસ્તારોના પડકારોની સમજ આપતો બીએસએફ દ્વારા આયોજીત બૂટ કેમ્પ સંપન્ન

-----------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# GUJ RAIN

રાજ્યમાં વરસાદનો વધુ એક રાઉન્ડ શરૂ થયો છે.. લાંબા વિરામ બાદ અને ગરમી અને બફારામાં બેચેની અનુભવી રહેલા લોકોને આજના વરસાદન કારણે રાહત થઇ છે. રાજ્યના મોટાભાગના સ્થળોએ આજે સવારથી જ વરસાદી માહોલ જામ્યો હતો. આજે સવારનાં છ થી સાંજના છ કલાક દરમિયાન પૂરા થયેલા છેલ્લા 12 કલાકમાં 28 જીલ્લાના 142 તાલુકાઓમાં વરસાદ વરસ્યો હતો...

જેમાં સૌથી વધુ બોટાદનાં રાણપુરમાં સવા બે ઇંચ, ખેડામાં બે, સુરેન્દ્રનગરના દસાડામાં અને ગીર સોમનાથના ઉનામાં બે-બે ઇંચ, અમદાવાદમાં પોણા બે ઇંચ, બનાસકાંઠાના ભાભરમાં દોઢ ઇંચ જેટલો વરસાદ વરસ્યો હતો.. કચ્છમાં પણ ભારે ગરમી અને ઉકળાટ બાદ વરસાદનું આગમન થયું હતું. રાપર તાલુકાના કીડીયાનગર, સઈ, ડાભુંડા, પ્રાગપર સહિતના વિસ્તારોમાં વરસાદ વરસતા માર્ગો ઉપર પાણી પાણી થઇ ગયું હતું.. જ્યારે ભુજના ખાવડામાં લાંબી રાહ જોવડાવ્યા બાદ વરસાદ વરસ્યો હતો..

મહેસાણા જિલ્લામાં ભારે ઉકળાટ બાદ પવન સાથે વરસાદ વરસી રહ્યો છે. ખેડૂતો વરસાદની રાહ જોઈ રહ્યા હતા. વિરામ બાદ વરસાદ વરસતા પાક ને જીવતદાન મળશે.

બીજીતરફ અસહ્ય બફારા અને ગરમીને કારણે ત્રસ્ત અમદાવાદના લોકોને પણ સવારથી જ ધોધમાર વરસાદ સાથે ગરમીમાંથી રાહત મળી હતી.. ડાંગના વઘઇ અને સાપુતારા સહિતના પંથકોમાં મૂશળધાર વરસાદ વરસ્યો હતો. પાટણમાં પણ આજે દિવસભર વરસાદ વરસ્યો હતો.

**...2.. GUJ. RAIN**

જોકે બપોર બાદ વરસાદે વિરામ લીધો હતો.. સાબરમતી નદીના કાંઠા વિસ્તારમાં પડેલા ભારે વરસાદના પગલે નદીમાં પણ પાણીની આવક થતાં વાસણા બેરેજના દરવાજા ખોલવામાં આવ્યાં હતાં..

આ વરસાદ વચ્ચે રાજ્યના 51 ડેમ હાઇએલર્ટ પર છે જ્યારે 27 એલર્ટ પર અને 23 ચેતવણીના મોડ ઉપર છે.. આ વરસાદને કારણે નર્મદા બંધનો જળસંગ્રહ 75 ટકા કરતાં વધુનો થયો છે.. વરસાદને કારણે બે સ્ટેટ એક નેશનલ અને 26 પંચાયત સહિત કુલ 29 માર્ગો અવરજવર માટે બંધ છે..

-------------

# WEATHER

હવામાન વિભાગ દ્વારા રાજ્યમાં 7 દિવસ ભારેથી અતિભારે વરસાદ વરસે તેવી આગાહી કરવામાં આવી છે.. આજે વલસાડ, નવસારી, દમણ, દાદરા નગર હવેલીમાં અત્યંત ભારે વરસાદની આગાહી કરાઈ છે. રાજ્યમાં વરસાદની ચાર સિસ્ટમ સક્રિય છે અને હજુ પાંચમી સિસ્ટમ સક્રિય થશે તેમ હવામાન વિભાગના વડા એ કે દાસે કહ્યું હતું.

(બાઇટ - એ કે દાસ , વડા હવામાન વિભાગ)

-------------

# TIRTH STHAN JANMASTHMI

રાજ્યમાં કૃષ્ણ જન્મોત્સવની ઉજવણીનો થનગનાટ જોવા મળી રહ્યો છે. આજે વહેલી સવારથી જ રાજ્યના તમામ યાત્રાધામોમાં કૃષ્ણ ભક્તોની ભીડ જોવા મળી રહી છે. કૃષ્ણની નગરી તરીકે પ્રસિધ્ધ દ્વારકા ખાતે સેંકડો ભક્ત જનો ઉમટ્યાં છે.. રાત્રે બારના ટકોરે ભગવાનના જન્મોત્સવની ધામધૂમ પૂર્વક ઉજવણી કરાશે. ઠેર ઠેર મટકીફોડના કાર્યક્રમનું પણ આયોજન કરાયું છે. દ્વારકાના અમારા પ્રતિનિધિ કરણ જોશી જણાવી રહ્યાં છે કે રાત્રે ૧૨ કલાકે શ્રીજીની જન્મોત્સવ આરતી યોજાશે.

૨:૩૦ સુધી જન્મોત્સવ દર્શન ભાવિકો માટે ખુલ્લા રહેશે. રાત્રે ૨:૩૦ કલાકે શ્રીજી શયન કરશે.. (દર્શન બંધ) થશે...

## (વોઇસ કાસ્ટ - કરણ જોષી)

દ્વારકામાં ભક્તિમય માહોલ વચ્ચે શોભાયાત્રા મુખ્ય માર્ગોથી પરથી નીકળી હતી. ભવ્ય શોભા યાત્રામાં કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરા પણ જોડાયા હતા.

## (બાઈટ - મુળુભાઈ બેરા, કેબિનેટ મંત્રી)

મધ્ય ગુજરાતના ડાકોરમાં પણ જય રણછોડ માખણ ચોરના નાદ ગુંજી રહ્યાં છે. ભગવાન રણછોડના જન્મના વધામણાં માટે મંગળા આરતીથી જ કૃષ્ણ ભક્તોની ભીડ જોવા મળી હતી.. દેશભરમાંથી મોટી સંખ્યામાં ભક્તો ઉમટી રહ્યાં છે.

રાજા રણછોડરાયજીએ શંખ, ચક્ર, ગદા પદ્મ ધારણ કર્યા હતા, જે મૂર્તિનાં દર્શન ભક્તોને મન જીવન સંભારણું બને છે, તેમ અમારા ખેડાના પ્રતિનિધિ જનક જાગીરદાર જણાવી રહ્યાં છે.

**(વોઇસ કાસ્ટ - જનક જાગીરદાર )**

ઉત્તર ગુજરાતના અરવલ્લીમાં આવેલા શામળાજી તીર્થસ્થાન ખાતે મંગળા આરતીમાં ભક્તોની લાંબી કતારો જોવા મળી હતી.

પાટણ શહેર સહિત સમગ્ર જિલ્લામાં નાના-મોટા તમામ કૃષ્ણ મંદિરોમાં સવારથી જ દર્શન માટે ભક્તોની ભીડ જોવા મળી હતી, પાટણમાં સરસ્વતી નદીના કિનારે આવેલ હરિહર મહાદેવ મંદિર ખાતે જન્માષ્ટમી નિમિત્તે ભવ્ય લોકમેળો ભરાયો છે. હિંગળાચાચર ચોકમાં પ્રાચીન કૃષ્ણ મંદિર ખાતે પણ મટકીફોડના પણ કાર્યક્રમનું આયોજન થયા છે.

બનાસકાંઠા જિલ્લાના ગામડાઓમાં મહિલાઓ આવતીકાલે કૃષ્ણ જન્મ મહોત્સવને લઈને કાનુડો રમશે, ગામડાઓમાં બહેનો દીકરીઓ ઢોલના તાલે દેશી ગીતો સાથે રાસ રમે છે, હજુ પણ ગામડાઓમાં ક્યાંક સંયુક્ત ગામ ભેગું મળી કાનુડો વાળે છે.

અમરેલી જિલ્લામાં પણ વિવિધ સ્થળોએ શોભાયાત્રા યોજાઇ હતી.

-------------

# PORBANDAR KOT FARI PARMPARA

પોરબંદરવાસીઓએ આજે 'કોટ ફરી ' અને 240 વર્ષ જૂની પરંપરા નિભાવી હતી.. ઇ.સ. 1785 માં રાણા સરતાનજીએ પોરબંદરના નાના કિલ્લાને વધારે સુસજ્જ કરી છાંયાથી જેઠવા વંશની ગાદી પોરબંદર સ્થળાંતરીત કરી હતી અને પોરબંદરને રાજધાની બનાવી હતી. તે વખતે પોરબંદરના શહેરીજનો જન્માષ્ટમીના તહેવાર પર આ કિલ્લાની ઉંચી અને પહોળી રાંગ એટલે દિવાલ પર ચાલીને કોટ ફરવા નીકળતા હતા. જેની શરૂઆત લંકેશ્વરના મંદિરથી કરતા હતા. જે પ્રદક્ષિણા મહાણ ખડકીવાળા દરવાજે થઇ બંદર પાસે પુરી થતી હતી.. અમારા આકાશવાણીના પોરબંદરના પ્રતિનિધિ મહેશ લુક્કાએ સ્થાનિક અનુપ ખોડિયાર અને શ્રધ્ધા ખારવા સાથે વાત કરી હતી.

(બાઈટ - અનુપ ખોડિયાર, સ્થાનિક અને શ્રદ્ધા ખારવા)

-------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

## IIT - GANDHINAGAR

વખતો વખત પૂરનો ભોગ બનેલા સુરતને ધ્યાનમાં રાખીને દક્ષિણના દેશોને આવરી લઇને આઇઆઇટી ગાંધીનગરના સિવિલ ઇજનરી વિભાગના એસોસિએટ પ્રોફેસરોના વડપણ હેઠળ પૂરને લગતા વિવિધ પાસાઓનો અભ્યાસ કરાયો છે..

આ અભ્યાસમાં સુરતના ૨૮૪ વિસ્તારમાં પૂરનું વિશ્લેષણ દરમિયાન 134 વિસ્તારોમાં પૂરનું જોખમ ઓછું થયાનું તારણ મળ્યું છે, જ્યારે 119 વિસ્તારોમાં પાણીની ઊંડાઈ વધુ જોવા મળી. સુરક્ષિત વિસ્તારોમાં પૂરની ઊંડાઈમાં મહત્તમ 10.13 મીટરનો ઘટાડો નોંધાયો, તો બીજી તરફ સુરક્ષિત ન હોય તેવા વિસ્તારોમાં 2.38 મીટર જેટલો વધારો થયો.

-------------

## BSF BOOTCAMP

ત્રણ દિવસિય બૂટ કેમ્પ આજે બનાસકાંઠાના સુઇ ગામ ખાતે સંપન્ન થયો હતો. બીએસએફના બૂટ કેમ્પમાં વિદ્યાર્થીઓને શારીરિક તાલીમ, નિઃશસ્ત્ર કોમબેટ, જીવન રક્ષક તકનીક, રૂટ માર્ચ સહિતના અલગ અલગ પ્રવૃત્તિઓ કરાવવામાં આવી હતી. ગુજરાત સરકારના પ્રવસાન વિભાગ અને ભારત સરકારના વાઇબ્રન્ટ વિલેજ કાર્યક્રમ અંતર્ગત આ કેમ્પનું

આયોજન થયું હતું. જેમાં વિદ્યાર્થીઓને કચ્છના રણમાં તૈનાત બીએસએફના જવાનો સામે ઉભા થતાં પડકરોની પણ જાણકારી આપવામાં આવી હતી.

------------

# DIU BJP

કેન્દ્રશાસિત પ્રદેશ દીવ ખાતે આજે સ્વ.અટલ બિહારી વાજપેયજી ની પુણ્યતિથિ ને લઈ ભાજપ કાર્યાલય ખાતે પુષ્પાંજલિ કાર્યક્રમ આયોજીત કરવામા આવ્યો હતો. આ પ્રસંગે ભાજપના હોદેદારો અને કાર્યકર્તાઓ દ્વારા સ્વ.અટલ બિહારી વાજપેયની તસ્વીર પર પુષ્પ અર્પણ કરી અને ભાવભીની શ્રધ્ધાજંલી અર્પણ કરવામા આવી હતી.

કાર્યક્રમ દરમિયાન દીવ મહિલા મોરચા અધ્યક્ષ હેમાક્ષીબેન રાજપુત અને કાઉન્સીલર વિપુલ સોલંકીએ સ્વ.અટલ બિહારી વાજપેયીની જીવન ચરિત્ર અંગે જાણકારી આપી હતી, કાર્યક્રમ દરમિયાન ભાજપના હોદ્દેદારો કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

------------

# MAHISAGAR ST DEPO

**મહિસાગર જિલ્લાના ખાનપુર ખાતે અંદાજિત એક કરોડ પંદર લાખના ખર્ચે બનેલા નવીન એસ. ટી. બસ સ્ટેશનનું લોકાર્પણ શિક્ષણ મંત્રી ડો. કુબેર ડિંડોર હસ્તે કરાયું..** અત્યાધુનિક સુવિધાઓ સાથે

નવનિર્મિત એસ.ટી. બસ સ્ટેશનનું લોકાર્પણ થતાં ખાનપુર અને આસપાસના ગ્રામીણ વિસ્તારોના હજારો લોકોને પરિવહન માટે એક મોટી રાહત મળશે તેમ શિક્ષણ મંત્રીએ જણાવ્યું હતું..

આ નવા બસ સ્ટેશનમાં તેમને બેસવાની, પીવાના પાણીની અને સ્વચ્છ શૌચાલય જેવી પાયાની સુવિધાઓ સરળતાથી મળી રહેશે. આ બસ સ્ટેશન ગ્રામીણ અને શહેરી વિસ્તારોને જોડતી એક મહત્ત્વપૂર્ણ કડી બનશે, જેનાથી આ વિસ્તારનો સામાજિક અને આર્થિક વિકાસ વેગવંતો બનશે.

-------------